સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

બોલતા નથી દવા ઉત્સાદકો ને સૂતા સુખે છે!
ને તબીબી સંગઠનોનું જ પેટ કેમ દુઃખે છે?
ધૂખે છે બેકાળજીની હોળી પ્રજા મોતને ફૂખે છે
(સ્કર્બ - સ્ટેરીલાઈઝેશનમાં ઉતાવળ)

હાઈકુ

અશુદ્ધિઓ જ
ફેલાવે છે ફંગસ
બેદરકારી

થાય તક્કડ
જલ્દી સાજા કરવા -
તેટે નિયમો...

ચિંતન

એકસ્યૈવ હિ યો અશક્તો મનસઃ અન્નિબર્હણે ।
મહીં સાગર પર્યન્તાં સ કથં હૃદવજેષ્યતિ ॥

ઉપરોક્ત શ્લોક શ્રી વિવેકચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

જે શાસક-રાજા-નેતા એકલા પોતાના મનને સારી રીતે જીતી - સમજી શક્યો નથી તે પૃથ્વીને અર્થાત્ રાજયની પ્રજાને જીતવા કેમ સમર્થ થાય ?

શાસક રાજાઓના મન અતિ ચંચળ હોય છે. પોતાને જરા પણ અગવડ કે એમના વિરુદ્ધ શબ્દનું ઉચ્ચારણ પણ થાય તો તરત ઉશ્કેરાટ આવી જાય. એમના પોતાના મન-કે ક્રોધ પર કાબૂ નથી રહેતો.

જેનું મન વારંવાર વિચલિત થઈ જાય, જીભ અને સ્વભાવ પર જયારે પોતાનો કાબૂ ન રહે તેવા શાસક પ્રજા પર વિજય ક્યાંથી મેળવી ને આજ્ઞા સમજી સ્વીકારવા. કોઈએ તેમને અપશબ્દો કહ્યા હોય કે અપમાન કર્યું હોય તો પણ ક્ષમા આપી દેતા. એવી ઉદારતા ધરાવતા આવા રાજાઓ પ્રજાના હૃદયમાં રહેતા અને એમના મન જીતી લેતા.

સુવિચાર

- જો તમે કરેલ સાહસમાં 'જોખમ' નામનું કોઈ પરિબળ જ ન હોય તો તેને 'સાહસ' કહી જ ન શકાય - **સંત રોબિન**
- માનવીએ પ્રભુ પર એટલી શ્રદ્ધા રાખવી જોઈએ કે જેથી તેને જગતની સહાનુભૂતિની જરૂર જ ન પડે - **ઈશુ ખ્રિસ્ત**
- જયારે આત્મા કાંઈ કહે અને બુદ્ધિ કાંઈ બીજું જ કહે એવા સમયે તમે આત્માનું જ કહ્યું કરજો - **સ્વામી વિવેકાનંદ**
- બધા જ જાણે છે કે મૃત્યુ અટલ છે પણ માને છે જ કોણ ?? - **રજનીશ**
- મુઠ્ઠીમાં લાખ તારલા આવ્યા તો શું થયું? દિલ ખાલી ખાલી હોય તો સિદ્ધિ નો અર્થ શો? તારા સુધી જો નામ ન પહોંચી શકે અગર ચોમેર મળેલી પ્રસિદ્ધિ નો અર્થ શું? - **સૈફ પાલનપુરી**
- હે ઈશ્વર !! તું મને અંદરથી સુંદર અને સ્વસ્થ બનાવ - **સુકરાત**
- આજનું ઔષધ : સોપારીનો ચૂરો પાણીમાં ઉકાળી તે પાણી ગાળીને સવાર-સાંજ અડધા ગ્લાસ જેટલું પીવાથી બાળકોના કરમિયા મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર કલકત્તામાં એક વૃદ્ધને પરેશાન હાલતમાં જોયા. ઈશ્વરચંદ્ર એમને ઓળખતા ન હતા. છતાં તેઓ એ વૃદ્ધને પરેશાનીનું કારણ પૂછ્યું. પેલા વૃદ્ધે ઓળખાણ ન હોવાથી પોતાની વાત કરવામાં આનાકાની કરી. ઈશ્વરચંદ્રએ આગ્રહ કરીને કહ્યું, 'જો કોઈ મુશ્કેલી હોય મને જણાવો, હું કદાચ તમારી મદદ કરી શકું.' ઈશ્વરચંદ્રના અતિ આગ્રહ પછી વૃદ્ધે આંખમાં આંસુ સાથે પોતાની વાત કરી. 'હું એક ગરીબ માણસ છું. પુત્રીના લગ્ન માટે કરજ લીધું હતું. ઘણી કોશિશ કરવા છતાં કરજ ચૂકવી શક્યો નથી. હવે કરજ આપનારે મારા પર કોર્ટમાં કેસ કર્યો છે. કરજનો બોજ તો પહેલેથી હતો હવે કોર્ટ-કચેરીની ઝંઝટ શરૂ થઈ છે. 'ઈશ્વરચંદ્રએ વિગતો મેળવી આશ્વાસન આપતા કહ્યું.' ચિંતા ન કરો હલ મળશે.' આગામી કોર્ટની તારીખે જયારે વૃદ્ધ અદાલત પહોંચ્યા. પોતાના નામની પોકારની રાહ જોતા બેઠા રહ્યા... પૈસાની વ્યવસ્થા તો થઈ નથી. હવે શું થશે ? એની ચિંતામાં બેસી રહ્યા. જયારે એમના નામની પોકાર જ ન પડ્યો ત્યારે એમણે કોર્ટના કર્મચારીને પૂછપરછ કરી. ત્યારે જાણવા મળ્યું કે કોઈએ તેમના કરજની રકમ જમા કરાવી દીધી છે. તેથી કેસ રદબાદલ ઠર્યો છે. વૃદ્ધને ખ્યાલ આવી ગયો કે થોડા દિવસ પહેલા મળેલા સજ્જને આ કરજ ચૂકતે કરી દીધું હતું. ઈશ્વરચંદ્રએ કોઈ પણ દેખાડો કે પ્રદર્શન ન કર્યા વિના એ વ્યક્તિનું સંકટ દૂર કરી દીધું. આ હતી ઈશ્વરચંદ્રની સજ્જનતા, કરુણા, સહયોગવૃત્તિ; વ્યક્તિને ખબર ન પડે એ રીતે એને મદદરુપ થવામાં સાચી સેવા વૃત્તિ છે.

નિઃશુલ્ક રસીકરણનું ગર્ભિત રાજકારણ

તંત્રીસ્થાનેથી...

દેશમાં તમામ નાગરિકોને મફત રસી મળી રહે એવી માંગ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી સહિત અનેક નેતાઓ અને સામાજિક સંસ્થાઓ દ્વારા કરાતી રહી છે. આખરે રાજયો પર ઢોળી દીધેલી જવાબદારી ઉપાડી લઈ કેન્દ્ર સરકારે આ જવાબદારી સ્વીકારી છે અને રસી ઉત્પાદનનો પોણા ભાગનો જથ્થો ખરીદી લઈ રાજયોને નિઃશુલ્ક વિતરણ કરવાની જાહેરાત થઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હાલકડોલક નિર્ણયો પૈકીનો આ નિર્ણય અંતિમ અને હંમેશ માટેનો સાબિત થાય એવી આશા રાખીએ. એમણે અત્યાર સુધી આ મુદ્દે ભારે અવઢવ ભરી અને મહદંશે અત્રતત્ર સર્વત્ર ટીકાપાત્ર બનેલી વિચિત્ર કૂટનીતિ અપનાવી હતી જેથી ખુદ ભાજપ શાસિક રાજયોમાં રસીકરણ કાર્યક્રમમાં ભારે અરાજકતા અને અસંતોષનું વાતાવરણ સર્જાયું હતું. આખી દુનિયામાં મોદી સરકાર કોવિડ - મેનેજમેન્ટમાં સર્દતર નિષ્ફળ ગઈ હોવાનો નકારાત્મક અભિપ્રાય પ્રવર્તે છે. ચાઈનીઝ કોરોનાના બીજા વેવને સરખી રીતે હેન્ડલ કરવામાં આવ્યું હોત તો એનાથી થયેલ બેશુમાર જાનહાનિ બચાવી શકાઈ હોત. સરકારને એની ગંભીરતા સમજતાં ઘણી વાર લાગી અને ચૂંટણીઓ, કુંભમેળા કે આત્મપ્રશસ્તિની એની જાણીતી હૅબિટમાંથી એ બહાર ન આવી શકી. હજી પણ એ કુટેવના કૂંડાળામાં પુરાઈને જ રસીકરણની નવી રાહતની જાહેરાત કરાઈ છે. ૨૧ જૂનનો જ દિવસ પસંદ કરવાની શી જરૂર હતી ? જો તમે પ્રજાજનોને રાહત આપવા જ કૃતસંકલ્પ છો તો આજથી જ કેમ નહીં ? પણ એમને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'નું પેલું લલચામણું વળગણ છૂટતું નથી. એમણે ભારતના પ્રાચીન વારસા જેવા 'યોગ' ને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા અપાવી હતી તે પ્રજાને યાદ કરાવવું ગમે છે બલકે એમાં ગર્ભિત હિંદુત્વનો મેસેજ પણ છુપાયેલો છે. ૨૧ જૂનથી આખા દેશને મફત રસી મળવા માંડશે. ઉત્પાદકો પાસેથી ખાનગી હોસ્પિટલો ૨૫ ટકા ઉત્પાદન ખરીદી કરશે અને જેને ખાનગી હોસ્પિટલો પોસાતી હોય એવો વર્ગ ત્યાંથી પૈસા ખર્ચીને રસી મેળવી શકશે. વળી ઉત્પાદકની વેંચાણ કિંમત પર દોઢશો રુપિયાથી વધારે સર્વિસ ચાર્જ ખાનગી હોસ્પિટલો પણ દરદી પાસેથી નહીં વસૂલી શકે. સરકારે આવી જાહેરાતો અગાઉ કોવિદ-૧૯ના દરદીઓને બેડ આપવા અંગે કરેલી પણ કોઈ ખાનગી હોસ્પિટલે એનો અમલ નહોતો કર્યો. બેડ મુદ્દે બેફામ લૂંટ ચલાવાઈ હતી. એવું જ રેમડેસિવિર ઈંજેકશનો બાબતે થયું હતું. ભયગ્રંથિથી ગ્રસ્ત દરદી તો કોરોનાના નામથી જ થથરતાં રહ્યાં છે. એ વખતે તેઓ ડૉક્ટરો કે હોસ્પિટલ સંચાલકો સામે બેડના કે દવાના ભાવ અંગે રકઝક થોડાં કરશે ! એમને તો નજર સામે મોત દેખાતું હોય છે. એટલે પ્રાઈવેટ હોસ્પિટલો સરકારે નક્કી કરી આપેલી કિંમતી રસી આપશે એવું તો કહેતા બી દીવાના અને સૂણતા બી દીવાના ! રાજયોના માથેથી જવાબદારી પાછી ખેંચી લઈ કેન્દ્ર વહીવટ હાથમાં લે છે એની પાછળ પણ રાજકીય કારણો છે. અરવિંદ કેજરીવાલ કે અશોક ગહલોત જેવા નેતાઓ એમનાં રાજયોમાં રસીકરણ મુદ્દે વધુ લોકપ્રિય બની રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીનાં રાજયોમાં અંધાધૂંધી પ્રવર્તતી રહી છે. ગુજરાતની જ વાત કરીએ તો અહીં સંગઠન અને સરકાર વચ્ચે જ ગોલાલડાઈ જેવી પરિસ્થિતિ પ્રવર્તે છે. મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી વચ્ચે ખટરાગ ચાલી રહ્યો છે. આગામી ચૂંટણીઓમાં રસીકરણ અને કોરોના મહત્ત્વના ચૂંટણી મુદ્દા તરીકે ઊભરવાનાં છે.

મનોરમાના પસ્તાવાનો પાર ન રહ્યો

નવાં કલેવર
નટવર હેડાઉ

કોરોના ઓછા થતાં જનજીવન ફરી રાબેતા મુજબ પાટે ચઢી રહ્યું હોય તેવું લાગતું હતું. જાતજાતના પ્રતિબંધોમાં થોડી રાહત મળવા લાગી હતી. તેથી છેલ્લા એકાદ વર્ષથી મમ્મીને રૂબરૂ મળાયું ન હોવાથી મનોરમા પિયર જવા ઉતાવળી થઈ હતી. તેણે ઘરનું કામકાજ સંભાળથી ઝમકુને રસોડામાં રાખેલી બધી ચીજવસ્તુઓ ક્યાં શું પડેલું છે તે વ્યવસ્થિત સમજાવી દીધું. જેથી કઈ ચીજ ક્યાં હશે તે બાબતે ઝમકુને જરાય મુશ્કેલી ન પડે. સાથે સાથે એ પણ સમજાવી દીધું કે મિતેશ ક્યારે નાસ્તો કરે છે અને ક્યારે જમે છે. તેની પસંદ-નાપસંદની પણ બધી જ વાત સમજાવી દીધી. તે સાથે તેણે કહ્યું કે હું વહેલામાં વહેલી તકે પાછી આવવાની કોશીશ કરીશ. ઝમકુ મનોરમાને બસ-સ્ટેન્ડ સુધી મુકવા ગઈ. બસમાં બેસતી વખતે મનોરમાએ ઝમકુને ખાસ ભલામણ કરી. 'મિતેશનું સારી રીતે ધ્યાન રાખજે. મને કોઈ જાતની ફરિયાદ મળવી ન જોઈએ.' આટલું કહ્યું ત્યાં બસ ચાલવા લાગી. ઝમકુ ઘરે પાછી આવી ગઈ.

બરાબર પંદર દિવસે મનોરમા પાછી આવી ગઈ. આવતાં જ તેણે ઝમકુને પૂછ્યું, 'પાછળથી કોઈ મુશ્કેલી તો ઊભી થઈ નહોતી ને...'

ઝમકુ લટકો કરતાં બોલી. 'ના રે, બહેનજી, કોઈ મુશ્કેલી થઈ નથી. બધા જ દિવસો મજાના ગયા. સાહેબ બહુ સારા છે. મેં તેમનું ધ્યાન બહુ સારી રીતે રાખ્યું. તેનાથી પણ વધુ તેમને મારો ખ્યાલ રાખ્યો. સાહેબ તો ખરેખર ભગવાનના માણસ છે. ઝમકુની આ વાતો સાંભળતાં મનોરમાના હૃદયના ધબકારા વધી ગયા. ઝમકુનો ખીલેલો ચહેરો અને વાત કરવાની અદા કંઈક અલગ જ લાગતી હતી. તે પંદર દિવસ પહેલાંની ઝમકું હોય એવું લાગતું ન હતું. નવાં કપડાં અને માથામાં ફુલનો ગજરો, લાલ ચટ્ટક હોઠ અને કાનમાં નવી સોનાની બુટ્ટી ઘણું બધી કહી રહી હતી. '

ઝમકુની વાતો સાંભળીને મનોરમાનો ચહેરો રાતોપીળો થઈ ગયો. તેણે લાંબો કંઈ વિચાર કર્યા વગર ધડાધડ ધુંબા ને તમાચા મારવા માંડ્યા. એક બે વાર તો વાળ પકડીને નીચે પછાડી. અને પછી બુમાબુમ કરતી બોલી 'રાંડ, પરપુરુષનાં વખાણ કરે છે. નીકળી જા ઘરની બહાર હવે મારી આંખો સામે આવતી નહીં. નહીંતર કાચી ને કાચી ખાઈ જઈશ.'

ઝમકુને સમજાતું ન હતું કે તેની શું ભૂલ થઈ ગઈ છે.

તે દરમિયાન બજારમાં ખરીદી કરવા ગયેલ મિતેશભાઈ સ્કૂટર લઈ આવી પહોંચ્યા. ઝમકુના વિખરાયેલા વાળ અને લાલઘુમ ચહેરો જોઈ પુછી બેઠા.

'ઝમકું બેટા, શું થયું છે ?'

'કંઈ નહીં' કહેતાં ગાલ પર આવી ગયેલા આંસુને લૂંછતાં તે ભાગીને ઝાંપાની બહાર નીકળી ગઈ. મનોરમા બહેનને હવે વાત સમજાઈ ગઈ, પણ મોડું થઈ ગયું હતું. ઝમકું પિતા સમાન મિતેશભાઈનું ઘર છોડી દૂર નીકળી ગઈ હતી.

મનોરમાના પસ્તાવાનો પાર ન રહ્યો.

મારો અભિગમ : આક્રમક કે રક્ષણાત્મક?

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vinodjamlani12@gmail.com

(વિચારબીજ : શ્રી પરાગ ભુચ, અમદાવાદ)

થોડા દિવસો પહેલા એક વિડીયો ક્લિપ જોઈ. આમ તો એ વિડીયોમાં કેટલીક વાતો શીખવા જેવી લાગી એટલે તેના ઉપર ખાસ ધ્યાન ગયું. એ વિડિયોમાં ચાર ખેલાડીઓ 'ડબલ્સ' બેડમિન્ટન રમે છે. એ ખેલાડીઓની રમતની વિશેષતા એ છે કે માત્ર બેતાળીસ સેકંડ્સની એ વિડીયો ક્લિપમાં ત્રેવીસ સ્ટ્રોક્સ રમાય છે અને એ બધા જ સ્ટ્રોક્સ એક પક્ષ સ્મેશ સ્ટ્રોક્સ મારીને આક્રમકતાથી રમે છે. તેમની વિરુદ્ધ સામેનો પક્ષ એ બધા જ સ્ટ્રોક્સ રક્ષણાત્મક રીતે રમે છે. બેતાળીસ સેકંડસના અંતે આક્રમક રમત રમનાર પક્ષ ત્રેવીસમો સ્ટ્રોક ચૂકી જાય છે અને રક્ષણાત્મક રમનાર પક્ષને તેનો પોઈન્ટ મળે છે.

જે ખેલાડીઓ આક્રમકતાથી રમે છે એ બંને ખેલાડીઓ આક્રમક સ્ટ્રોક મારવાની એક પણ તક ચુકતા નથી. તેઓ બધાં જ સ્ટ્રોક પૂરી તાકાતથી મારે છે, પૂરા જોશથી મારે છે, પૂરા ઉત્સાહ સાથે મારે છે દરેક સ્ટ્રોકમાં એ આક્રમકતા ઉતરોતર વધતી જાય છે. તેમની રમતનો અભિગમ આક્રમકતા જ છે અને એ વ્યૂહરચનાથી જ તેઓ સામેની ટીમને મહાત કરવા ઈચ્છે છે એવું લાગે છે.

સામેની ટીમનાં બંને ખેલાડીઓ તદન વિરુધ્ધ અભિગમથી રમે છે. તેમનો અભિગમ બિલકુલ રક્ષણાત્મક છે. તેઓ એકપણ સ્ટ્રોકથી વાર નથી કરતાં પણ રક્ષણાત્મક અને સુરક્ષિત રીતે રમે છે. તેઓ એક વાતનું ખાસ ધ્યાન રાખે છે કે એક પણ સ્ટ્રોક ચૂકે નહીં અને સ્ટ્રોક રમ્યા પછી શટલકોક ફાઉલ થયા વિના સામેની કોર્ટ સુધી પહોંચે અને એ ખેલાડીઓ તેને રમવા માટે મજબૂર બને. આ પ્રકારની વ્યૂહરચનામાં તેઓ સફળ થાય છે અને ત્રેવીસમાં સ્ટ્રોકના અંતે તેમને પોઈન્ટ મળે છે કારણકે સામેના આક્રમક ખેલાડીઓ ધીરજ ખોઈ બેસીને ત્રેવીસમો સ્ટ્રોક રમવાનું ચૂકી જાય છે.

આક્રમક અભિગમ દાખવનાર ખેલાડીઓએ ત્રેવીસ સ્ટ્રોકસનાં અંતે પોઈન્ટ ગુમાવ્યો કારણ કે સતત હુમલાઓ કરવાને કારણે તેઓ થઈ ગયા, તેમની ધીરજ ખૂટી ગઈ, સ્ટ્રોકને રમવા માટે જોઈતું સંતુલન તેઓ એક ક્ષણ માટે ગુમાવી બેઠા અને સ્ટ્રોકને ચૂકી ગયા.

રક્ષણાત્મક અભિગમ દાખવનાર સામા પક્ષના ખેલાડીઓ અંત સુધી ધીરજ જાળવી શકયા, સ્ટ્રોક્સને રક્ષણાત્મક રીતે રમવાનું સાતત્ય જાળવી શક્યા, રક્ષણાત્મક રીતે રમવામાં બિનજરૂરી શક્તિનો વ્યય થયો નહીં એટલે શક્તિ જાળવી શક્યા અને અંતે પોઈન્ટ જીતવામાં સફળ થયા. તેમની એક જ વ્યૂહરચના હતી કે પોતાના કોર્ટમાં વાયુવેગે આવતા શટલકોકને રમવાનું ચૂકે નહીં અને તેને એ રીતે રમે કે એ શટલકોક ફરી પાછો સામેની કોર્ટમાં સલામત રીતે જાય અને સામેનો પક્ષ તેને રમવા માટે મજબૂર બને. એ વ્યૂહરચનામાં બંને ખેલાડીઓ સફળ થયા.

આ ઘટનાને માનવીના વૈયક્તિક સંબંધો અને તેમના વ્યવહારો સાથે પણ સાંકળી શકાય. બે સંબંધિત વ્યક્તિ વચ્ચે ક્યારેક ચર્ચા થતી હોય, ક્યારેક વાદ-વિવાદ થતો હોય, ક્યારેક એકબીજાના મંતવ્યોની આપ-લે થતી હોય, ક્યારેક મીઠા ઝઘડા થતાં હોય, ક્યારેક બોલાચાલી, સંઘર્ષ એક નાના-મોટા ઝઘડા થતાં હોય ત્યારે કાં તો બંને પક્ષ અથવા બેમાંથી એક પક્ષનો આક્રમક અભિગમ રહેતો હોય છે.

માનવીય સંબંધોમાં બે વ્યક્તિ વચ્છને વિવાદ કે સંઘર્ષ સમયે બંને પક્ષ આક્રમક વલણ અપનાવે તો એ સંઘર્ષ વધારે જટિલ અને તીવ્ર બનવાની શક્યતાઓ વધી જતી હોય છે. જો બેમાંથી એક પક્ષ રક્ષણાત્મક અભિગમ દાખવે તો એ સંઘર્ષનો સુખદ અંત આવવાના અથવા તો સંઘર્ષ આગળ ના વધવાની શક્યતાઓ વધી જતી હોય છે.

વ્યક્તિ કેટલાક ખાસ હેતુઓ સાથે આક્રમક વલણ અપનાવતી હોય છે. સામેની વ્યક્તિને નીચી પાડવી, તેના ઉપર હાવી થઈ જવું, પોતાનો હાથ જ ઉપર રાખવો, ભવિષ્યમાં સામેની વ્યક્તિ પોતાની સામે ક્યારેય બાથ ન ભીડે અને કાયમ માટે તેની બોલતી બંધ થઈ જાય એવા કેટલાક હેતુઓ સાથે વ્યક્તિ આક્રમક બનતી હોય છે. ક્યારેક તેમના હેતુઓ સફળ થતાં હોય છે તો ક્યારેક વિફળ પણ.

જે વ્યક્તિ રક્ષણાત્મક અભિગમ સાથે વ્યવહાર કરે છે એ વ્યક્તિ ખૂબ જ ધીરજ પૂર્વક, ધીમે ધીમે પણ દ્રઢતાપૂર્વક આગળ વધતી હોય છે. એ વ્યક્તિનો પોતાના મન ઉપર સંપૂર્ણ કાબુ હોય છે. એ વ્યક્તિનાં વર્તન અને વ્યવહારમાં સાતત્ય હોય છે જેને કારણે સંઘર્ષનો એકધારો અને લાંબા સમય સુધી સામનો કરી શકે છે. આક્રમક વલણની સરખામણીએ રક્ષણાત્મક વલણમાં શારીરિક અને માનસિક શક્તિઓ ઓછી વપરાતી હોય છે તેને કારણે લાંબા સમય સુધી એ વ્યક્તિ ટકી શકે છે. માનવીય સંબંધોમાં વ્યક્તિગત સંઘર્ષમાં વ્યક્તિ મૌન રહીને કે ખૂબ જ ઓછું અભિવ્યક્ત કરીને પણ રક્ષણાત્મક વલણ અપનાવી શકે છે.

વ્યક્તિ જ્યારે રક્ષણાત્મક અભિગમ દાખવે છે ત્યારે તેમણે એવી તકેદારી રાખવી પડે છે કે કોઈપણ સંજોગોમાં પોતાની ધીરજ ન ખૂટે અને ભૂલથી પોતે આક્રમક ન બની જાય. હા પોતાની વ્યૂહરચનાના એક ભાગ તરીકે, વ્યૂહરચના બદલીને તે ગમે ત્યારે આક્રમક વલણ અપનાવે એ વાત જુદી છે. રક્ષણાત્મક બનવાનો અર્થ એ નથી કે વ્યક્તિએ હાર સ્વીકારી લીધી છે કે વ્યક્તિમાં સામનો કરવાની શક્તિ નથી રહી. સામેની વ્યક્તિમાં આ પ્રકારની છાપ ઊભી ન થાય તે માટે જાગૃત રહેવું પડે છે. વ્યક્તિએ દ્રઢ મનોબળ અને આત્મવિશ્વાસ સાથે પોતાના અભિગમને વળગી રહીને પરિસ્થિતિનો સામનો કરવો પડતો હોય છે.

એક પક્ષ જ્યારે રક્ષણાત્મક અભિગમ અપનાવે છે ત્યારે સતત આક્રમક અભિગમ દાખવનાર વ્યક્તિ લાંબો સમય આક્રમકતા દાખવી શકતી નથી. લાંબા સમયે તે થાકી જતી હોય છે, ધીરજ ગુમાવી બેસતી હોય છે, અસ્વસ્થ થઈ જતી હોય છે તો ક્યારેક થાકીને પોતાના હથિયાર હેઠા મૂકી દેતી હોય છે. આવું એટલા માટે થતું હોય છે કે પોતાના આક્રમક વલણ સામે તેને રક્ષણાત્મક અને ઠંડો પ્રતિસાદ મળતો હોય છે તેને કારણે તે ક્યારેક માનસિક રીતે અસ્વસ્થ થઈ જતી જતી હોય છે અને અંતે તે થાકી, હારી, નિરાશ થઈને પોતાની તલવાર મ્યાન કરી દેતી હોય છે.

માનવીય સંબંધોમાં શક્ય હોય ત્યાં સુધી ઉગ્ર ચર્ચા, ખોટા વાદ-વિવાદ, સંઘર્ષ કે ઝઘડાઓ થાય નહીં એવા વ્યવહાર હંમેશા ઈચ્છનીય છે. આમ છતાં માનવ સ્વભાવગત ક્યારેક એવું બની જાય તો આપનું વલણ આપણે સ્પષ્ટ કરીએ, આપની વ્યૂહરચના આપણે વિચારપૂર્વક તૈયાર કરીએ અને એ જ રીતે આગળ વધીએ તો આપણે સફળ થઈ શકીએ.

બાંકડા કરે છે કોરોનાના કાળની ચર્ચા

મનના ઉમંગો
રણછોડ પરમાર

દુહો
એક વિષાણું ઝીણકો, કરતો સહુને મ્હાત;
કરાવી દીધું છે. પોતાની શક્તો પર મુસ્તાક માણસ કોરોના સામે સાવ બાપડો, બિચારો અને ઢીલોઢફ થઈ ગયો છે. એ પહેલાં તો મૂંછે તાવ દેતો છાતી કાઢીને ફરતો હતો તે શું હવે પૂંછડે તાવ દેશે ખરો ? પુણ્ય સલિલા ગણાતી ગંગા અને જમના મડદાઓથી ઉભરાઈ ગઈ. લોકો પાસે મૃત સ્વજનોને અગ્નિદાહ દેવાના ફાંફા પડી ગયા.

દુહો
ગંગામાં મડદાં તરે, જમના થઈ બેહાલ,
મુખને અગ્નિ ના મળ્યો, કેવો આવ્યો કાળ ?

આવા કાળની કોણે કલ્પના કરી હતી ? તેવા સમયે વૃધ્ધજનોના વિશ્રામસ્થાન જેવા બાંકડાઓ સૂના ના થઈ જાય તો શું થાય ? નિયમિત આવતા બાંકડાપ્રેમીઓ આવતા બંધ થઈ જાય તો અબ્દુલની ચા કોણ પીવે ? એનો ધંધો ચોપટ થઈ જાય ! પણ એણે એક નુસખો કર્યો. નિયમિત એની ચા પીનારાના ઘેર તે મોટી કીટલીમાં કોરોના સ્પેશ્યલ ચા લઈને જવા માંડ્યો આથી એને ભારે ફાયદો થયો. પહેલાં તો એકલા કરશનકાકા જ સ્પેશ્યલ ચા પીતા હતા, પણ હવે એમના ઘરવાળા, બે દીકરા અને બે વહુવાળુઓય અબ્દુલની ચાના ખાસ ગ્રાહક થઈ ગયા. અરે એ તો ઠીક પણ એમના ઘેર કચરાપોતાં કરવા આવતો રામજી પણ "બાકી અબ્દુલભાઈ ચા જબરી બનાવે છે હો !" એમ કહેતો અવારનવાર ચા પીતો થઈ ગયો.

દુહો
કોરોનાના કાળમાં, સ્પેશ્યલ ચા વખણાય,
કિમિયો અબ્દુલે કીધો, ઘેર ઘેર જઈ પાય.

બાંકડામંડળના બીજા સભ્યો શું કરે છે તે જાણવા તમારે નવનીતભાઈની તાજી કવિતા વાંચવી પડશે.

બાંકડા સૂના પડ્યા છે, કોરોનાના કાળમાં,
આકડા જાડા થયા છે, કોરોનાના કાળમાં.
વાહ ગરમાળા ખીલ્યા ને ગુલમહોરી ડાળખાં,
એ દીઠે દહાડા થયા છે, કોરોનાના કાળમાં.
કોણ આવીને પીવે ભાઈ ચાય અબ્દુલખાનની ?
બારણાં આડા થયા છે, કોરોનાના કાળમાં.
ભાઈ અબ્દુલને મળ્યો છે ધંધાનો નુસખો નવો
રોકડા બમણાં થયા છે. કોરોનાના કાળમાં.
ભાગવતના પાઠમાં કરશનભઈ મૂંઝાઈ ગયા,
બાંકડા આઘા ગયા છે, કોરોનાના કાળમાં.
દુખિયો દરશન વધારે દુખિયો એથી થયો,
મિત્ર સંતાતા થયા છે, કોરોનાના કાળમાં.
પણ પ્રસન્નભાઈ છે, એવા ને એવા હસમુખા,
ઘેર મલકાતા થયા છે, કોરોનાના કાળમાં.
એક નવનીતને કશું સૂઝતું નથી આકાશમાં,
આંગળાં કાઠાં થયાં છે, કોરોનાના કાળમાં.